## Bhuva Dadu Virabhai



Village : **Bagdana,** Taluko : Mahuva,
District : Bhavnagar.
Cell no : 7874305318
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 8,000

### TOWN-BASED COMPUTER NOT MY CHOICE

In my town there is a computer class where CCC is rendered. But I wanted to learn more computer skills. So I joined AT&T Technology Park in Bhavnagar and I learnt Basic, Hardware, Hardware & Networking, Photoshop and DTP. When I got a job in PNR Society (NGO) my monthly salary was Rs. 6,000. After this I joined B.P.T. I where I am an instructor. This is a government job. Presently I am earning between Rs. 8,000 and 10,000 monthly. My gratitude to AT&T Technology Park for moulding my career to this level.

### મારા ગામમાં કોમ્પ્યુટર તો હતાં પરંતુ ...

મારા ગામમાં કોમ્પ્યુટર કલાસ તો હતાં, પરંતુ માત્ર સી.સી.સી. જેવા કોર્સ જ થતાં હતાં. મને કંઈક નવું શીખવાની ઈચ્છા હતી, એટલે મેં એ.ટી.એન્ડ ટી.ટેકનોલોજી પાર્કમાં એડમિશન લઈ બેઝિક, હાર્ડવેર એન્ડ નેટવર્કીંગનો, ફોટોશોપ અને ડીટીપીનો કોર્સ કર્યો. મને



પી.એન.આર. હોસ્પિટલમાં નોકરી મળી. ત્યાં માસિક પગાર રૂા. ૬૦૦૦/- હતો. ત્યાર બાદ બી.પી.ટી.આઈ. કોલેજમાં ઈન્સ્ટ્રકટરની જગ્યા માટે મે અરજી કરી ઈન્ટરવ્યુ આપ્યુ અને તેમાં મારું સિલેકશન થયું અને મને પાર્ટ ટાઈમના રૂા.૫૫૦૦/- પગાર મળે છે, તથા કોમ્પ્યુટરને લગતું અન્ય કામ પણ મળી રહે છે, હું માસિક સરેરાશ ૮ થી ૧૦ હજાર રૂપિયા કમાઈ શકું છું.



## Pandya Arun Manubhai



Village : **Devgana,** Via : Tana,
Taluko : Sihor, District : Bhavnagar
Cell no : 8306074455
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 4,000

## ALL INFORMATION AT ONE PLACE

I learnt Basic in Sihor based Rehabilitation Center of PNR Socity. After the successful completion of the course I started Shri Gayatri Computer Classes and repairing of computer. To know more for computer repairing work, I joined AT&T Technology Park where I learnt Photoshop, Hardware & Networking, DTP And Tally. I learnt many other things in this institute.

Presently I am working in the Ruvapari Temple Trust,Bhavnagar as a Computer Operator. My monthly salary is Rs. 4000. I am now fully independent enjoying respect from the society and family. My grateful thanks to AT&T Technology Park.

## વિકાસ માટેની સંપૂર્ણ માહિતી

પી.એન.આર. સોસાયટીના શિહોર ખાતેના વિકલાંગ પુનઃવસન કેન્દ્રમાં, બેઝિક કોમ્પ્યુટરનું જ્ઞાન મેળવ્યું. કોર્સ કર્યા બાદ મેં મારા ગામમાં, શ્રી ગાયત્રી કોમ્પ્યુટર કલાસીસ એન્ડ રીપેરિંગ સેન્ટર શરૂ કર્યું. તેમા મને કોમ્પ્યુટર રીપેરિંગની ખૂબજ તકલીફ પડતી હતી. કોમ્પ્યુટરના વધુ અભ્યાસ માટે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં મે ફોટોશોપ, હાર્ડવેર-નેટવર્કિંગ, ડીટીપી, એકાઉન્ટનો કોર્સ કર્યો. અહીં કોમ્પ્યુટર વિશે જ નહીં, પરંતુ સમાજમાં કઈ રીતે વિકલાંગોનો વિકાસ થાય તેના વિશે સંપૂર્ણ માહિતી મને મળી છે. હાલમાં હું રૂવાપરી મંદીર ટ્રસ્ટ, ભાવનગરમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામગીરી કરું છું, મને રૂા. ૪૦૦૦/- માસિક આવક થાય છે.







## Vasava Dilip Bhangdabhai

Village : **Piplod,** Taluko : Dediyapada,
District : Narmda
Cell no : 8000958346/7874833157
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 8,000

## IT WAS DIFFICULT TO GET A JOB

In absence of computer operating skill, it was very difficult to get a job. I joined AT&T Technology Park for cultivating computer knowledge and successfully learnt the same.

Presently I am in Idea Mobile as Computer Operator with a salary of Rs. 8,000 per month. I was given a Best Performance Award by the company. For all this AT&T Technology Park is responsible and I am indebted to it.

## જોબ મેળવવામાં પહેલાં ઘણી મુશ્કેલી પડતી કારણ કે...

જોબ મેળવવામાં પહેલાં ઘણી મુશ્કેલી પડતી હતી. કારણ કે બધીજ કંપનીમાં નોકરી મેળવવા કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજીયાત થઈ ગયું હતું. મને કોમ્પ્યુટરનું જ્ઞાન ન હતું.

અત્યારે જે હું જોબ કરું છું તે, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં મેળવેલી કોમ્પ્યુટર તાલિમનું પરિણામ છે, હાલમાં હું એસેન્ડમ કેપીએસ પ્રા. લિ. કંપની મારફત આઈડિયા મોબાઈલ કંપનીમાં, કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામગીરી કરું છું. મને રૂા. ૮૦૦૦/- પગાર મળે છે. કંપની દ્વારા મને બેસ્ટ પરફોર્મન્સનો એવોર્ડ પણ મળેલ છે. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાંથી વિદ્યાર્થીઓને વોડાફોન કંપનીના કોલ સેન્ટરમાં ઈન્ટરવ્યુ આપવા સંસ્થાના વાહનમાં અમદાવાદ લઈ જવામાં આવેલ, જેમાં હું પણ ગયો હતો. મને કંપનીઓમાં ઈન્ટરવ્યુ કેવી રીતે આપવું ? તેની સંપૂર્ણ જાણકારી ત્યારે મળી હોવાથી, આઈડિયા મોબાઈલ કંપનીમાં નોકરી મેળવવામાં ખુબ સરળતા રહી.






**Chavda Sudhanshu Upendrabhai**
43, Shri Ram Society, Sardarnagar,
Behind Gurukul, **Bhavnagar.**
Cell no : 9099891704
Disability : Cerabral Palsy



## APPOINTMENT ORDER IN PRESENCE OF HON. NARENDRA MODIJI, BUT....

Having completed computer training in AT&T Technology and B.C.A. Degree, I got a government job in the office of Director, Employment & Training, Gandhinagar as Supervisor, instructor and order was handed over in presence no other than Hon. Shri Narendrabhai Modi who was then C.M. of Gujarat and now Prime Minister of India. To my dismay when I presented myself for Local Selection Committee, the latter finding my disability, denied the position. Now my case is before the Commissioner (Disabled). Although I had full support of P.N.R. Society, Education Officer and Social Defence officer, I am still away from job.I thank AT&T Technology Park for training and assisting me to fight my case.

## નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં નિમણૂંક પત્ર મળ્યો, પરંતુ....

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કરેલ કોર્સ, કોમ્પ્યુટર ક્ષેત્રે આગળ અભ્યાસમાં ખુબ ઉપયોગી થયો. બી.સી.એ.ના અભ્યાસ સમયે આત્મ વિશ્વાસથી પ્રોજેક્ટ કાર્ય કરી શકયો.



બી.સી.એ.ની ડિગ્રી ઉપર તા. ૨૧/૧૧/૨૦૧૧ના રોજ નિયામકશ્રી, રોજગાર અને તાલીમ ગાંધીનગર હસ્તકની ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.)માં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર વર્ગ-૩ની જગ્યા માટેનો નિમણૂંક પત્ર (ઓર્ડર) મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની હાજરીમાં મને મળ્યો.

તા.૨૬/૧૧/૨૦૧૧ ના રોજ સ્થળ પસંદગી સમયે મારી વિકલાંગતાને જોઈ, સ્થળ પસંદગી સમિતિએ મને અટકાવ્યો. આજ દિન સુધી, મારી પાસે અસલ ઓર્ડર હોવા છતાં હું નોકરીથી વંચિત છું. જે મેળવવા માટેના શકય તમામ પ્રયત્નો કરી ચૂકયો છું. હાલમાં, વિકલાંગ કમિશ્નરની કચેરીમાં, મારા કેસની સુનાવણી પૂર્ણ થયેલ છે. પ્રતિવાદી તરફથી, નિમણૂંક ન આપવા બદલના આધાર પૂરાવા ન મળવાના લીધે, ચુકાદો આવેલ નથી. ઉપરોકત નોકરી મને મળે તે માટે, પી.એન.આર. સોસાયટીના તમામ વિભાગના ટ્રસ્ટીઓ, વડાઓ, સ્ટાફ (સી.પી./એમ.આર./ડેફ/બ્લાઈન્ડ) પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી, પૂર્વ સમાજ કલ્યાણ અધિકારી તરફથી, સંપૂર્ણ સહકાર મળેલ છે જેનો હું જીવનભર ઋણી રહીશ.



**Makwana Babu Talshibhai**
G. I. D. C. No. 1, Behind Gundala,
Village : **Ramnagar,** Taluko : Sihor,
District: Bhavnagar
Cell no: 9909849946/9712448452
Disability: Orthopedic Handicapped



## GUJARATI & ENGLISH TYPING SKILL COMPULSORY

I underwent course of DTP and Photoshop in AT&T Technology Park. I also learnt here Gujarati and English typing. Now I feel that I will have a job soon with these skills. My grateful thanks to AT&T Technology Park.

## ગુજરાતી અને અંગ્રેજી ટાઈપીંગ તો ફરજીયાત થઈ ગયું છે

મેં એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, ડીટીપી અને ફોટોશોપનો કોર્સ કર્યો છે. જેમાં ડીટીપી દ્વારા ગુજરાતી અને અંગ્રેજી ટાઈપિંગ શીખવા મળ્યું. ગુજરાત સરકારની ભરતીઓમાં ગુજરાતી અને અંગ્રેજી ટાઈપિંગ તો ફરજીયાત થઈ ગયું છે. મે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કરેલ કોર્સ, આગામી સરકારી નોકરીઓ માટે, ભરતીઓ માટેની પરીક્ષા પાસ કરવામાં મને ખુબ મદદરૂપ થશે, તેવી મને પ્રબળ શ્રધ્ધા છે.

## Chauhan Bharat Mulajibhai



Near Vilko Lab, Baba Lamination,
Rajkot Road, Chitra, **Bhavnagar.**
Cell no : 9904173753
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 5,000

### COMPUTER COURSE PROVED BLESSING

Having undergone computer training courses viz. Basic, Hardware and DTP, I got immediate job in Shubham. I worked as Data-entry Operator as also for fitting internet facility for BSNL. When case-window opened in Sir Takhtasinhji Hospital, I took the charge of it and successfully completed 1 year. Presently I am in Regional Transport Office of Gujarat Government in Bhavnagar as computer operator. I gratefully acknowledge the contribution of AT&T Park for making me independent and earning respect from the society.

### કોર્સનો ઉપયોગ મેં સારી રીતે કર્યો

એ.ટી.એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કમાં કરેલ બેઝિક, હાર્ડવેર અને ડી.ટી.પી. કોર્સનો ઉપયોગ મેં સારી રીતે કર્યો છે. તાલિમ મેળવ્યા પછી એ.ટી.એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કમાં, હાર્ડવેરનું કામ કર્યું. ત્યારબાદ હું 'શુભમ' સંસ્થામાં, ડેટા એન્ટ્રી ઉપરાંત, બી.એસ.એન.એલ. ટેલિફોન કંપની ભાવનગરમાં હું ઈન્ટરનેટ કનેક્શન ફીટ કરવા જતો હતો. સર ટી.હોસ્પિટલમાં કેસ વિન્ડોનો સોફ્ટવેર ચાલુ કર્યો તેમાં એક વર્ષ કામગીરી કરી. હાલમાં હું રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ, ગુજરાત સરકારમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરું છું.

## Zapda Kanji Jethabhai



Room no. 632, Singaliya, Vithalwadi,
**Bhavnagar.**
Cell no : 9429463131
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 7,000

### NO WORDS TO THANK BECAUSE

While my training in computer skills in AT&T Tech. Park I got a job in Bhavnagar University at monthly salary of Rs. 1500. Today my salary is Rs. 7,000. This position, I could not think without the help of AT & T Park. I am very much thankful to this institution where I mastered the computer skills.

### જેટલો આભાર માનું તેટલો ઓછો છે કારણ કે ...

હું એ.ટી.એન્ડ ટી.ટેક્નોલોજી પાર્કમાં, કોમ્પ્યુટર કોર્સ કરતો હતો ત્યારે જ મને યુનિવર્સિટીમાં રૂ. ૨૫૦૦ ના પગારથી નોકરી મળેલ. આજે મારો પગાર રૂ. ૭૦૦૦ છે. હું સંસ્થાનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. કારણ કે સંસ્થામાં કરેલાં કોર્સ, નોકરી મેળવવામાં અને નોકરીની કામગીરીમાં ઉપયોગી થયા છે.

## Sutariya Alpesh Bhagvanbhai
165, L .I. G. Street no. 3, Shastrinagar,
**Bhavnagar.**
Cell no : 9429582936
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 32,000



## STUDENT OF THE FIRST BATCH

I come from an ordinary family. My father works as Diamond Polisher. Since I was disabled my father used to advise that I must study. I am the student of the first batch of AT&T Technology Park. I learnt here Basic Course of computer. Presently I am in a Government. I thank the institute.

After completion of training, I got a Job in Survey office where my monthly salary was Rs. 2500.

While in service I used to appear in Competitive






Examination. During 2006 I appeared for a position in Post Department. I passed the examination and got appointed in Badayu District of Uttar Pradesh. I am 80% disabled and chairbound. I worked here for 3 years. I struggled a lot. I was transferred to Bhavnagar Post Office. For all this, the computer knowledge and guidance given by AT&T Park proved of great help.

## પહેલી બેચનો વિદ્યાર્થી છું

હું સામાન્ય પરિવારમાંથી છું. મારા પિતા હીરા ઘસવાનું કામ કરતાં. હું વિકલાંગ હોવાથી તે મને હંમેશા કહેતા કે "દિકરા તારે તો ભણવામાં જ ધ્યાન દેવાનું છે." હું એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની પહેલી બેચનો વિદ્યાર્થી છું, હું અહીંથી, કોમ્પ્યુટરનો બેઝિક કોર્સ શીખ્યો છું.




હું અત્યારે સરકારી નોકરી કરું છું, આ માટે હું એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનો આભાર માનું છું. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોર્સ કરેલ, તેના પછી મને સીટી સર્વે કચેરીમાં, કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી મળેલ. જયાં મને રૂા. ૨૫૦૦/- પગાર મળતો હતો અને સાથેસાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પણ કરતો હતો. તે સમયમાં ૨૦૦૬માં પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં ભરતી આવેલ અને મેં ફોર્મ ભર્યું, લેખિત પરીક્ષામાં પાસ થયો અને મારું સિલેકશન થયું. મારું પહેલું પોસ્ટિંગ, ઉત્તર પ્રદેશના બદાયું જિલ્લામાં થયેલ. તે સમય મારાં માટે ખુબ જ મુશ્કેલીનો હતો. કારણ કે હું ૮૦ ટકા વિકલાંગતા ધરાવું છું. વ્હીલચેરમા જ હરી-ફરી શકું છું, આથી આવી પરિસ્થિતિમાં, મેં ત્રણ વર્ષ નોકરી કરી અને ખુબ જ સ્ટ્રગલ કરી. હાલમાં, ભાવનગરમાં જ મારી બદલી થતાં, પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે હેડ પોસ્ટ ઓફિસ, ભાવનગરમાં નોકરી કરી રહયો છું. આ વિશેષ પ્રેરણા મળવા પાછળ પણ, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનું જ પ્લેટફોર્મ મળેલ હોવાથી, હું સદા આભારી છું.



## એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં વિશેષ તાલિમ

અરજી લખવા માટેની તાલિમ

## Special Training at AT&T Technology Park

Application (Resume) Training



